૩૦/૧૧,૨૭૬

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રારંભ**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

**વિભાગ - ૧ : ઘનશ્યામ ચરિત્ર - પચીસમી આવૃત્તિ, ફેબ્રુઆરી - ૨૦૧૩**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''અમારે બધાને બાદશાહ સાથે ઝઘડો થયો.'' (૩૧) ૨. ''રસોઈની ઉતાવળ નથી.'' (૧૨)
૩. ''મને રોગ વધતો જાય છે.'' (૭૮)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ઘનશ્યામે કયા ઝાડ ઉપર ચડી ચકલાં જોયા ? (૨૨) ૨. બન્ને માસી આવ્યાં, ત્યારે ઘનશ્યામ ક્યાં ગયા હતા ? (૬૨)
૩. ધર્મપિતાએ અયોધ્યામાં કઈ શેરીમાં વસવાટ કર્યો ? (૨૩) ૪. બધાંને પારણાં કરાવવા કોણે રસોઈ કરી ? (૬૪)

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **વાંદરાઓને મેથીપાક ચખાડ્યો :** છપૈયામાં ઘનશ્યામ ઓરડામાં જમતા હતા, ત્યારે વાંદરો રોટલી ખૂંચવી ડાળે જઈને બેઠો.

જવાબ :- **વાંદરાઓને મેથીપાક ચખાડ્યો : અયોધ્યામાં** ઘનશ્યામ **ઓશરીમાં** જમતા હતા, ત્યારે વાંદરો **પૂરી** ખૂંચવી ડાળે જઈને બેઠો.

૧. **વાળંદને ચમત્કાર :** ભક્તિમાતા ઘનશ્યામને ખોળામાં લઈને દક્ષિણ દિશા તરફ બેઠાં. કાનજી અસ્ત્રો કાઢીને ઘનશ્યામના વાળ ઉતારવા લાગ્યો. (૧૫)

૨. **ઘનશ્યામને જનોઈ આપી :** ઘનશ્યામને આઠ વર્ષ પૂરાં થયાં. ધર્મદેવે વિચાર કર્યો કે ઘનશ્યામને હવે જનોઈ દેવી જોઈએ. (૫૭)

૩. **ટાઢે પાણીએ બળિયા ગયા :** ઘનશ્યામની આ લીલા જોઈને સુવાસિની ભાભી તથા ભક્તિમાતાને થયું કે નક્કી આ બાળક ભગવાન જ છે. (૧૯)

૪. **બધી રસોઈ જમી ગયા :** છપૈયામાં ગયા પછી થોડા દિવસમાં જન્માષ્ટમીનો ઉત્સવ પાસે આવ્યો. ધર્મપિતાએ પોતાને ઘેર જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવા માટે કંકોતરીઓ લખાવી. (૬૪)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** [૫]

૧. પથ્થર ઉપર પાણીમાં મુસાફરી (૬૧-૬૨) ૨. મહાવતની રક્ષા કરી (૪૫-૪૬) ૩. ઘનશ્યામનો ગૃહત્યાગ (૭૯-૮૧)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. કાલિદત્ત મરણને શરણ (૧૬)
(૧) ☐ મીન સરોવર (૨) ☐ આંબાવાડી (૩) ☐ વાવાઝોડું (૪) ☐ વરસાદ

૨. પ્રભુનું નામ પાડ્યું. (૬)
(૧) ☐ બે માસ (૨) ☐ સહજાનંદ (૩) ☐ નીલકંઠ (૪) ☐ કર્ક રાશિ

૩. આંધળાને દેખતો કર્યો. (૭૩)
(૧) ☐ હનુમાન મંદિર (૨) ☐ વિદ્યાકુંડનું મંદિર (૩) ☐ વ્રજવિહારી (૪) ☐ ભાગવત કથા

૪. હજારોને જમાડ્યા અને અભિમાન તોડ્યું. (૫૦)
(૧) ☐ દસ હજાર બાવા, સંન્યાસીઓ (૨) ☐ ખાંપા તલાવડી (૩) ☐ વાઘનું ચામડું (૪) ☐ અમને માફ કરો

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ચંદામાસીએ ઘનશ્યામને અંદરના ઓરડામાં સુવાડી દેવાનું કહ્યું. (૧૮)
૨. બાળમિત્રો સાંજ સુધી ઘનશ્યામ સાથે રમવા તૈયાર થયા. (૪૮) ૩. ધર્મદેવે માર્કંડેય મુનિને પુત્રનું નામ પાડવા કહ્યું. (૬)

**વિભાગ - ૨ : યોગીજી મહારાજ - અઢારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''શાસ્ત્રીજી મહારાજ આપણી વચ્ચેથી ગયા છે તેમ મનાય જ નહિ.'' (૩૪) ૨. ''તેમને મારી પાસે બોલાવો.'' (૧૯)
૩. ''ચિંતા ન કરશો, હું ઠાકોરજીની સેવા કરીશ.'' (૭-૮)

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. કયા ગામમાં ઝીણા ભગતના પગના તળિયામાં ગરાસિયા ભક્તે ઊર્ધ્વરેખાનાં દર્શન કર્યાં ? (૧૫)
૨. ઝીણાભાઈને નવરાશમાં શું કરવું ગમતું અને શું કરવું ન ગમતું ? (૭)
૩. યોગીજી મહારાજે ક્યા બે શિખરબદ્ધ મંદિરો બંધાવ્યાં ? (૪૦-૪૧)
૪. ચંદુ મરી ગયો તેથી તેના બાપાએ કોને અરજી કરી ? (૩)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રારંભ''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય : અંધાર ખંડને અજવાળ્યો (૪૪)**

**૧.** પિસ્તાલીસ હજાર માઈલનો પ્રવાસ કર્યો. **૨.** 'ષણ્મુખાનંદ હૉલ'માં યોગીજી મહારાજનું જાહેર સન્માન કરવામાં આવ્યું. **૩.** લંડનના મધ્ય ભાગ ઇઝ્લીંગ્ટનમાં આવેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી કેટલાય પરદેશીઓને સત્સંગ તરફ વાળ્યા. **૪.** એક મહિનો ઇંગ્લૅન્ડમાં સત્સંગ પ્રચારનું કાર્ય કરી પોતે ભારત પાછા પધાર્યા. **૫.** મોમ્બાસાના ભવ્ય મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી અક્ષરપુરુષોત્તમ દેવ પધરાવ્યાં. **૬.** નાઈરોબીના રાજમાર્ગ પર બંધાયેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. **૭.** લંડનના રાજમાર્ગ પર સરઘસાકારે પોલીસ બૅન્ડ સાથે વાજતે-ગાજતે સામૈયું કરવામાં આવ્યું. **૮.** સં. ૨૦૨૬ (સને ૧૯૭૦)માં બીજી વિદેશયાત્રાએ નીકળ્યા. **૯.** કંપાલા, જીંજા અને ટરોરોનાં મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. **૧૦.** મુક્તરાજ હરમાનભાઈના સમાધિ સ્થાન પર ચરણારવિંદ પધરાવ્યા. **૧૧.** ચાર સંતોને અમેરિકા સત્સંગ-પ્રચાર કરવા મોકલ્યા. **૧૨.** છ દેશોનાં કુલ એકસો ત્રણ ગામોમાં વિચરણ કરી, હજારો મુમુક્ષુઓને સત્સંગમાં ખેંચ્યા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૦** 'શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન' (૧૩, ૧૫) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. સન્માનો વચ્ચે પણ યોગીજી મહારાજ ગુરુભક્તિ અને કર્તવ્ય ક્યારેય ભૂલ્યા નથી. (૪૬)

૨. યોગીજી મહારાજને આખા શરીરમાં પીડા થઈ. (૩૧)

૩. આપણે અગ્નિ જેવા થવું. (૪૯)

**વિભાગ - ૩ : કિશોર સત્સંગ પ્રારંભ - અઢારમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૨**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. નાનપણથી જ આપણે ભજનની ટેવ કેમ પાડવી જોઈએ ? (૧)

૨. મુક્તાનંદ સ્વામી શાથી ઉદાસ થઈ ગયા ? (૧૫)

૩. સ્વામિનારાયણ મંત્રનું ભજન ક્યારે કરવું ? (૩૧)

૪. પ્રાર્થના કરતી વખતે કોને સંભારવા જોઈએ ? (૪)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. જોધો ભરવાડ (૨૩)

(૧) ☐ નાની બરાઈ (૨) ☐ ગઢડા (૩) ☐ માખણ (૪) ☐ દૂધપાક

૨. વીર ભગુજી (૧૮)

(૧) ☐ વસ્તા ખાચર (૨) ☐ સચ્ચિદાનંદ સ્વામી (૩) ☐ ભાણ ખાચર (૪) ☐ કબૂતરની ચરક

૩. શાસ્ત્રીજી મહારાજ (૩૮)

(૧) ☐ જન્મ સંવત ૧૯૨૨ (૨) ☐ સંવત ૧૯૩૯ દીક્ષા (૩) ☐ ધૂળમાંથી મંદિરો (૪) ☐ સંવત ૨૦૦૯ અંતર્ધાન

૪. વિજાપુરનાં વજીબા (૪૭)

(૧) ☐ સથવારા જ્ઞાતિ (૨) ☐ પીપળાનું ઝાડ (૩) ☐ રામાનંદ સ્વામી (૪) ☐ જૂનું ગોદડું

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. શ્રીજીમહારાજ .............. ની બતક લઈ ............. ભક્તની સામે દોડ્યા. (૪૧-૪૨)

૨. સામત પટેલ ............ રૂપિયા લઈને .............. પાસે આવ્યા. (૨૦)

૩. અજામિલના ઘરે ............ આવ્યા હતા. (૨)

૪. પાણી હંમેશાં ............ થી પીવાની ........ પાડવી જોઈએ. (૪૭)

**પ્ર.૧૫ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** [૮]

૧. બેસા મેલ્યા ...... કેરીનો ઘોળી. (૨૨-૨૩)

૨. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ! હે નાથ ...... સન્મુખો ભવ ॥ (૯)

૩. અમે આ યજ્ઞ ...... શાનો છે. (શૌર્યગીત)

૪. જય સદ્‌ગુરુ ...... નાખ્યાં તોડી. (૧૬-૧૭)

**પ્ર.૧૬** 'કોઈ ભગવાન સંભારે......' (૩૨-૩૩) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં)** [૫]

**પ્ર.૧૭** 'ગંગામા' (૧૧-૧૪) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** [૫]

---

**સૂચના :-** આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી **website - link** પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**